ગાંધીનગર સમાચાર

ટાઉનહોલને ૮ કરોડના ખર્ચે ચકાચક બનાવાશે

# શહેરમાં છવાયો પરીક્ષાનો માહોલ

**ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ : વિદ્યાર્થીઓ ભયમુકત બની પરીક્ષા આપે : પરીક્ષાર્થીઓને ચોકલેટ અને ગુલાબનુ ફુલ આપી શિક્ષણમંત્રીએ શુભેચ્છા પાઠવી : ગુજરાતીના પેપરમાં ૩૮૯ ,ભૌતિક વિજ્ઞાનમાં ૧૩૪ અને નામાના મુળતત્વો વિષયની કસોટીમાં ૮૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : જિલ્લામાં એક પણ કોપી કેસ નહીં**






ગાંધીનગર તા ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ હળવા મુડમાં જોવા મળ્યા હતા. ધોરણ-૧૦અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ શાંતિપુર્ણ માહોલમાં થયો હતો. શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ અને ચોકલેટ આપી પરીક્ષાની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ જીવનમાં ખુબ પ્રગતિ કરશે તેમ જણાંવતા સરકારે પરીક્ષાલક્ષી તમામ સુવિધા ઉભી કરવામાં આવી છે. ટેકનોલોજીના માધ્યમથી બધાજ પરીક્ષા કેન્દ્રો પર વોચ રાખવામાં આવી રહી છે. કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન થાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે. ધોરણ -૧૦ માં ગુજરાતી વિષયની પરીક્ષામાં જિલ્લામાંથી ૨૩૭૮૧ પૈકી ૨૩૩૯૨ વિદ્યાર્થીઓએ ગુજરાતીની પરીક્ષા આપી હતી. જયારે ૩૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનની પરીક્ષામાં પણ ૬૧૭૯ પૈકી ૬૦૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૧૩૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ જિલ્લામાંથી ૬૯૨૯ પૈકી ૬૮૪૧ વિદ્યાર્થીઓએ નામાના મુળ તત્વો વિષયની પરીક્ષા આપી હતી. જયારે ધોરણ -૧૨ માં નામાના મુળ તત્વોની પરીક્ષા પણ સરળ રહી હતી. શહેરમાં બોર્ડ પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણી સહીત સઘળી વ્યવસ્થા રાખવામાં આવી હતી. પરીક્ષા સ્થળો પર પશ્ચાતાપ અને સુચન પેટી પણ રાખવામાં આવી હતી. જયારે વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સે-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો આસપાસ શાંતિ અને સલામતીનુ વાતાવરણ જળવાઈ રહે તે માટે યોગ્ય પોલીસ બન્દોબસ્ત જોવા મળ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. પરીક્ષાના પ્રારંભે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલમાં હાજરી આપી વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણાધિકારી એમ એસ બારડ તેમજ શિક્ષણતંત્રના અધિકારીઓએ પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના ભય વિના પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા હતા. રાજયના પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણના મંત્રી નાનુભાઈ વાનાણીએ પણ સે-૨૩ સ્થિત આર જી કન્યા વિદ્યાલયમાં તેમજ શિક્ષણ રાજય મંત્રી જયદ્રથસિંહ પરમારે સે-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં પરીક્ષાર્થીઓને ફુલછડી આપી શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને ભયમુક્ત બની શાંતચિત્તે પરીક્ષા આપવા માટે જણાંવ્યુ હતુ.

## ભૌતિક વિજ્ઞાનનુ પેપર સરળ પણ પ્રમાણમાં લેન્ધી

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટીમાં પેપર એકંદરે સરળ પરંતુ થિયરીના પ્રશ્નો વધુ હતા. વેદ ઈન્ટરનેશન સ્કુલના વિષય નિષ્ણાંત સંજય સુખડીયાએ આ અંગે જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને લખવામાં પેપર લાંબુ લાગ્યુ હોંશિયાર વિદ્યાર્થીઓને ધાર્યા કરતા એકાદ ઓછા માર્કસ આવે તેવી સંભાવના પણ જણાંઇ છે. જો કે પ્રશ્નપત્ર સંપુર્ણ પાઠય પુસ્તક આધારિત હતુ.

## શિક્ષણમંત્રીએ ઘવાયેલી વિદ્યાર્થીને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપી

સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ શાળામાંથી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી શિક્ષણમંત્રી બહાર નિકળતા હતા આ દરમિયાન સાઈકલ સવાર વિદ્યાર્થીનીનો સ્કુલવાન સાથે અકસ્માત થતા વિદ્યાર્થીની ઘવાઈ હતી.આ જોતા જ શિક્ષણમંત્રી પોતાની કારમાંથી નીચે ઉતર્યા હતા અને કારમાંથી ફસ્ટ એઈડ કીટ કાઢીને ઘવાયેલી વિદ્યાર્થીને પાટો બાંધ્યો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેમણે સ્થળ પર હાજર સિક્યુરીટીના જવાનને ઘવાયેલી વિદ્યાર્થીને હોસ્પિટલ લઈ જવા સુચના આપી હતી. વિધાનસભા સત્રની કામગીરીમાં વ્યસ્ત શિક્ષણમંત્રીએ એકબાજુ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષાનો સામનો કરવા પ્રોત્સાહન પુરુ પાડ્યુ હતુ જયારે બીજીતરફ ઘવાયેલી વિદ્યાર્થીની માટે સાચા અર્થમાં સંવેદના દાખવી રસ્તે જતા રાહદારીઓને માનવતાનુ ઉદાહરણ પુરુ પાડયુ હતુ.

## જીઈબી પાસે રેલટ્રેક પર દોડતી માલગાડીના લીધે બોર્ડના પરીક્ષાર્થીઓ અટવાય છે

ગાંધીનગર તા ૧૫

બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થતા વિદ્યાર્થીઓ સતત અભ્યાસમાં જોડાયેલા જોવા મળે છે. પરીક્ષા દરમિયાન એક મિનિટનો સમય ન બગડે તે માટે વિદ્યાર્થી વર્ગ વિશેષ ચિંતિત અને જાગૃત હોય છે. પરંતુ હાઈટેક વિકાસના નવા આયામો સર કરતા પાટનગરમાંથી પસાર થતા રેલ ટ્રેકના લીધે પરીક્ષાર્થીઓએ ગમે ત્યારે માર્ગ વચાળે અટવાઈ જવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. જી ઈ બી નજીકના ફાટક પાસેથી પસાર થતા ભારખાનાના લીધે ઘણીવાર રાહદારીઓએ પંદર વીસ મિનિટ સુધી સ્ટેન્ડ ટુ થઈ જવુ પડે છે. કોલસા ભરેલા ભારખાનાની વિસલ વાગતા આસપાસના વિસ્તારમાં જાણે શિરદર્દ ઉભો થાય છે. ત્યારે બાર્ડ પરીક્ષાર્થીઓ માટે પણ આ માલગાડીની અવરજવર ચિંતાનુ કારણ બની છે. ગમે ત્યારે જ માર્ગ વચ્ચેના રેલ ટ્રેક પરથી નિકળતા ભારખાનાના લીધે વિદ્યાર્થીઓએ પણ અટકી જવુ પડે છે. આ મામલે પરીક્ષાર્થીઓને કોઈ મુંઝવણ ન થાય તેવી વ્યવસ્થા કરવા માટે વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ કોઈ પગલા લેવાતા નથી. જેના પરીણામે બાર્ડની કસોટી દરમિયાન પલેપલનો હીસાબ રાખતા વિદ્યાર્થીઓ માટે નવી મુસીબત ઉભી થાય તેવા સંજોગો છે. આ સ્થિતિને ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવો સુર ઉઠવા પામ્યો છે.

## સમાજમાં મહીલાનુ સ્થાન અને જો મનુષ્ય ભવિષ્ય જાણ તો હોય તો... નિબંધ પુછાયો

ધોરણ -૧૦ માં ગુજરાતીનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં પરીક્ષાના પ્રારંભે જ ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ગુજરાતી વિષયમાં વ્યાકરણના પ્રશ્નો તેમજ એમ સી ક્યુ પણ સરળ પુછાયા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા નિયત સમય કરતા પહેલા જ પ્રશ્નપત્રના ઉત્તરો આપી દીધા હતા. જયારે ગુજરાતીમાં નિબંધો પણ રસપ્રદ પુછાયા હતા. જેમાં વર્તમાન સમયમાં સમાજમાં મહીલાનુ સ્થાન, જો મનુષ્ય ભવિષ્ય જાણ તો હોય તો, અને વ્યવસાયલક્ષી શિક્ષણની જરૂરિયાત જેવા વિષયો અંગે નિબંધ પુછાતા વિદ્યાર્થીઓને લખવાની મજા પડી હતી.



# શિક્ષણમંત્રીએ ઈલેકટ્રોનિકસ સર્વેલન્સ સેન્ટરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૫

પરીક્ષાઓમાં ગેરરીતિના દૂષણને ડામવા માટે રાજય સરકારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. રાજયમાં શરૂ થયેલી ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં ગેરરીતિ ડામવાના અને કયાંક ગેરરીતિનો કિસ્સો નોંધાય તો તાત્કાલિક તેનો વિડીયો ફુટેજ મળી રહે તે હેતુથી ૬૦૨૨૯ વર્ગખંડોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાયા છે. પરંતુ કોઈ સંજોગોમાં સીસીટીવીની વ્યવસ્થા ન થઈ હોય અથવા પ્રાથમિક શાળાનો ઉપયોગ કર્યો હોય તેવી ૨૦૬ શાળાઓના ૧૫૦૭ જેટલા વર્ગખંડોમાં ટેબલેટ દ્વારા ઈલેકટ્રોનીકસ સર્વેલન્સના માધ્યમથી ગાંધીનગર ખાતે લાઈવ મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.



રાજય સરકારે વર્ષ ૨૦૧૪થી આ પ્રકારની અદ્યતન ઈલેકટ્રોનીકસ સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં ગેરરીતિ ડામવામાં અગાઉના વર્ષોની તુલનામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષાઓમાં ઈલેકટ્રોનીકસ સર્વેલન્સ પધ્ધતિના સફળ ઉપયોગ બદલ નવી દિલ્હી ખાતેની સ્કોચ સંસ્થા દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો સતત બે વર્ષ એવોર્ડ પણ મળેલ છે. આ પ્રકારની પધ્ધતિનો ઉપયોગ કરનાર ગુજરાત દેશમાં એક માત્ર રાજય છે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે સેકટર-૧૫ ખાતે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંચાલિત ઈલેકટ્રોનીકસ સર્વેલન્સ સેન્ટરની મુલાકાત લઈને૧૫૦૭ જેટલા વર્ગખંડોમાં ટેબલેટ દ્વારા લાઈવ મોનીટરીંગની પ્રક્રિયાને નિહાળી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે રાજય સરકારે અપનાવેલી આ અદ્યતન ટેકનોલોજીના કારણે પરીક્ષાઓમાં ગેરરીતિઓને ડામવામાં સફળતા મળી છે સાથો સાથ પરીક્ષાની વિશ્વસનીયતા પણ ઉભી થઈ છે ઉપરાંત પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શકતા ઉભી થઈ છે.

# જિલ્લા પંચાયતની ૨૨મીએ બજેટ બેઠક

**આ બેઠકમાં ૨૦૧૭-૧૮નું બજેટ તેમજ મનરેગાનું લેબર બજેટ પણ રજુ કરી મંજૂરી આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૨૨મી માર્ચના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને મળશે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં બપોરે ૧૨ કલાકે મળશે. આ ખાસ સામાન્ય સભામાં ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર રજુ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એનજસી દ્વારા મનરેગાના લેબર બજેટને પણ બહાલી આપવામાં આવશે. આ ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોત્તરી રહેશે નહિ તેમજ સમિતિઓની મળેલ બેઠકમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા ઉપરાંત ગત બેઠકના નિર્ણયોની અમલવારીનો અહેવાલ વંચાણે લઈ બહાલી આપવામાં આવશે. આ બેઠકમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સભ્યો દ્વારા સૂચવવામાં આવેલ કામોને પણ મંજૂરી આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું આગામી બજેટમાં ઘણા બધા વિકાસના કામોનો સમાવેશ કરાશે તેવો સંકેત આપતાં પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ કે અમે વિકાસ માટે કટિબદ્ધ છીએ અને વિકાસ એ અમારી અગ્રતા છે.

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાને લઈ તંત્રએ પણ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. બજેટ બેઠકને લઈ સભ્યોને એજન્ડા પણ પાઠવી દેવામાં આવ્યો છે.

# ટાઉનહોલને ૮ કરોડના ખર્ચે ચકાચક બનાવાશે

**વિધાનસભામાં બજેટ અંગેના પ્રવચન દરમિયાન નાંણામંત્રીએ ટાઉનહોલની સુધારણા અને શેહરમાં નવા સરકારી આવાસો બાંધવા માટેના ખર્ચને મંજુરી આપી હોવાની જાહેરાત કરી : વિવિધ સેકટરોમાં બી કેટેગરીના ૨૮૦ મકાનો બાંધવા માટે ૭૧ કરોડ અને સી કેટેગરીના મકાનો બાંધવા માટે પણ ૭૮ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં સે-૧૭ સ્થિત ટાઉનહોલ છેલ્લા પાંચ વર્ષથી મરણપથારીએ છે. જેના પરિણામે ખાસ કરીને નગરના કલાકારો તેમજ કલારસિકોમાં વિશેષ નારાજગી વ્યાપી છે. ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ પણ લાંબા સમયથી ધક્કે ચઢયો છે. ત્યારે આજે વિધાનસભામાં નાણાંમંત્રીએ બજેટની ચર્ચા દરમિયાન ટાઉનહોલની સુધારણા માટે રૂ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હોવાનુ જણાંવ્યુ હતુ. જેના પરિણામે દુવિધાઓથી ઘેરાયેલા ટાઉનહોલના નવિનીકરણનુ કામ પણ હવે ઝડપથી થશે. આ ઉપરાંત શેહરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે પણ ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં વિવિધ સેકટરોમાં કેટેગરી બી ના ૩૬૬ રહેણાંક મકાનો બાંધવા માટે રૂ ૮૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

વિધાનસભામાં આજે બજેટ અંગેની ચર્ચા દરમિયાન નાણાંમંત્રીએ નગરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે તેમજ દાયકાઓ જુના ટાઉનહોલની સુધારણા માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોવાનુ જણાંવ્યુ હતુ.

નાણાંમંત્રી નિતીન પટેલે આ દરમિયાન જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૭-૧૮ માં શહેરના સેકટરોમાં કેટેગરી બી ના ૩૬૬ આવાસો બાંધવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી બી ના ૨૮૦ મકાનો બનાવવા માટે રૂ ૭૧.૭૦ કરોડનો

● અનુસંધાન પાન-૭ પર

# સોશિયલ મીડીયામાં વાઈરલ નામાના મૂળતત્વોનું પેપર બોગસ સાબિત થયુ

ગાંધીનગર, તા. ૧૫

ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું 'નામાના મૂળ તત્વો'નું કહેવાતા પ્રશ્નપત્ર સોશિયલ મીડીયામાં આજ સવારથી જ વહેતુ થયુ હોવાની વ્યાપક અફવાના પગલે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અફવાને ગંભીરતાથી લઈ તેની તપાસ કરાવતા સોશિયલ મીડીયામાં વહેતુ થયેલુ 'નામાના મૂળ તત્વોનું પ્રશ્નપત્ર બોગસ હોવાનું સત્તાવાર બહાર આવ્યુ છે.

**દોષિત સામે પોલીસ ફરિયાદ કરી કાનૂની પગલા લેવાશે : શિક્ષણમંત્રી**

આજે શિક્ષણમંત્રીએ સોશ્યલ મીડીયામાં વાઈરલ થયેલા બોગસ પ્રશ્નપત્ર અંગે સત્તાવાર સ્પષ્ટતા કરતા ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે, ધો. ૧૨ સામાન્ય પ્રવાહના નામાના મૂળતત્વોનુ પ્રશ્નપત્ર સોશ્યલ મીડીયામાં ફરતુ હોવાની મને જાણ થતા મે આ બાબતની ગંભીરતાથી નોંધ લઈ આ અંગેની ઉંડાણપૂર્વકની તપાસ કરવા માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓને સૂચના આપી હતી. તેમની તપાસના અંતે સોશ્યલ મીડીયામાં વહેતુ થયેલુ નામાના મૂળતત્વોનું પ્રશ્નપત્ર બોગસ હોવાનું બહાર આવ્યુ છે.

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN TM
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com